# કોઢી અને છુપાયેલો ખજાનો

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

હંમેશની જેમ તે માણસ, શહેરથી દૂરના વિસ્તાર સુધી જતા એ નાના કાચા રસ્તાની એક તરફ બેઠો હતો. તેના કાબરચીતરા પગ ધૂળના પાતળા થરથી ઢંકાયેલા હતા અને તેની આસપાસ અમુક એવી વસ્તુઓ પડી હતી જેને તે આ દુનિયામાં પોતાની કહી શકતો હતો — એક કટાઈ ગયેલી ચમચી, વાસી રોટલીના કેટલાક ટુકડાઓ અને એક ઘસાઈ ગયેલું જૂનું કપડું.

એક રીતે, રસ્તાનો આ ભાગ પણ તેનો જ હતો. અત્યાર સુધી જે જમીન પર તે બેસતો અને સૂતો હતો, ત્યાં એક ખાડો પડી ગયો હતો, પરંતુ કોણ તે માણસને ત્યાંથી હટાવે કારણ કે કોઈને પણ આ વાતની પરવા નહોતી કે નગરની બહાર આ વિસ્તારમાં શું થઈ રહ્યું છે. હા, બધાં લોકોને બસ એટલી ખબર હતી કે આ જ એ જગ્યા છે જ્યાં નગરનો કોઢી ભીખ માંગીને પોતાના દિવસો વિતાવી રહ્યો છે.

એક સમય હતો જ્યારે આ માણસ નગરમાં રહેતો હતો અને તે પણ એવા વિસ્તારમાં જ્યાં નગરના અમીરો રહેતા હતા. તેની પાસે પૈસા અને પ્રતિષ્ઠા હતી; તે કેટલીયે મોટી-મોટી પાર્ટીઓમાં જતો હતો. પણ આ બધી તો તેને આ રોગ થયો તેના પહેલાંની વાત છે — એ સમાજ દ્વારા તેને એકાએક બહિષ્કૃત કર્યા પહેલાંની વાત છે, જે આટલાં વર્ષો સુધી તેની વાહવાહી કરતો હતો.

હવે, તેની પાસે પોતાનું કહેવા માટે ફક્ત રસ્તાનો આ ભાગ હતો જેના પર તે બેસી રહેતો હતો, તેમજ થોડો ભંગાર અને નાનીમોટી વસ્તુઓ હતી જે તેણે ભેગી કરી હતી. વર્ષોથી આવું જ ચાલી રહ્યું હતું અને આ દરમ્યાન તેની સ્થિતિમાં કોઈ સુધાર નહોતો થયો. તે ઘણીવાર ભૂખ્યો રહેતો. તેનું શરીર એકદમ ક્ષીણ થઈ ગયું હતું.

તે માણસે નજીકમાં પડેલી એક ડાળી ઉપાડી અને કંઈ પણ વિચાર્યા વિના માટીમાં ગોળ-ગોળ કુંડાળા દોરવા લાગ્યો. ત્યાંથી એક દંપતિ પસાર થયું અને તેમણે તેને જોયા વગર જ તેની તરફ તાંબાના કેટલાંક સિક્કા ફેક્યાં. "તમારો ખૂબ ખૂબ આભાર," તેણે ખુશામત કરતા કહ્યું, પરંતુ હજી પણ તેને આ બધું અસ્વાભાવિક લાગતું હતું.

બોલતાં-બોલતાં તેણે ઉપર જોયું અને તેની નજર એ દંપતિ પર પડી. તેને લાગ્યું કે તે એમને ઓળખે છે — ચોક્કસપણે તેણે એ મહિલાને અમુક પાર્ટીઓમાં જોઈ હતી, જેમાં તે ઘણીવાર જતો હતો. "મારી આવી હાલત કેવી રીતે થઈ ગઈ?" તે હતાશાપૂર્વક વિચારવા લાગ્યો. તે પાછો પોતાની લાકડીથી માટીમાં લીટા પાડવા લાગ્યો. તેનું શરીર તેને અસહ્ય રીતે ભારે લાગી રહ્યું હતું. તેની આંખો બંધ થઈ રહી હતી...

બીજા દિવસે સવારે, કેટલાંક લોકો આ રસ્તા પર ચાલી રહ્યાં હતાં. પહેલાં તો એ કોઢી પર તેમનું ધ્યાન ગયું નહીં; કારણ કે આટલાં વર્ષોમાં તે લગભગ એ વાતાવરણમાં ભળી ગયો હતો. પરંતુ પછી એક માણસે પાછળ ફરીને જોયું અને તેને જે દેખાયું, એ જોઈને તે પાછું જોવા માટે પોતાને રોકી શક્યો નહીં.

“જુઓ! જુઓ!” તેણે એ કોઢી તરફ ઈશારો કરતા તેના સાથીઓને કહ્યું. “શું પેલો માણસ... *મરી ગયો છે?*”

તેઓ દોડતાં-દોડતાં એ જગ્યાએ પહોંચ્યાં જ્યાં તે કોઢી હતો અને તેમણે જોયું કે તે એક બાજુ નિશ્ચેતન પડ્યો હતો. તે શ્વાસ લઈ રહ્યો હોય એવું લાગતું નહોતું. જ્યાં તેનો હાથ હતો તેના થોડાંક ઈંચ દૂર જમીન પર એક નાની ડાળી પડી હતી.

થોડા સમય પછી, અધિકારીઓ તેના મૃતદેહને લઈ જવા અને તે જગ્યાને સાફ કરવા માટે આવ્યા. બહુ જલ્દી કોઢીએ પોતાના માટે જે નાની-મોટી વસ્તુઓ રાખી હતી તેને સાફ કરવાનું કામ પૂરું થઈ ગયું. પણ પછી તેમણે નીચે એ જગ્યાને જોઈ જ્યાં તે બેસતો હતો, ત્યાં જમીન પર સહેજ ખાડો પડી ગયો હતો.

તેમનામાંથી એક માણસે કહ્યું, “એ માણસને ચેપી રોગ હતો, અને તે *વર્ષોથી* અહીં જ બેસતો હતો. આપણે કેવી રીતે જાણી શકીએ કે આ જમીન સાફ છે કે નહીં?”

“તારી વાત સાચી છે,” બીજા માણસે સૂર પૂરાવતા કહ્યું. “અત્યાર સુધી તો કીટાણુ જમીનની અંદર જતાં રહ્યાં હશે! આપણે આ જમીનને ખોદવી પડશે અને માટીને સળગાવવી પડશે જેથી એ નિશ્ચિત થઈ શકે કે અહીં બધું જ રોગમુક્ત થઈ ગયું છે.”

તેથી બીજા દિવસે, મજૂરો પોતાનાં પાવડા અને કોદાળી લઈને આવ્યા અને ખોદકામ કરવા લાગ્યા. તેઓ લગભગ એક કલાક સુધી ખોદતા રહ્યા — આટલી વારમાં જમીનની ઉપરની માટી કાઢીને એક નાના ખાડા જેવું બની ગયું — અને ત્યારે જ તેમને એક મોટો અવાજ સાંભળાયો — ટન્ન. તે અવાજ લોખંડના પાવડા સાથે કોઈ કડક વસ્તુ અથડાવાનો હતો. કદાચ, કોઈ મોટો પથ્થર હોય?

તેમાંનો એક મજૂર વધારે સારી રીતે જોવા માટે ખાડામાં કૂદી પડ્યો. તેણે એ જ જગ્યા પર ફરીથી પોતાનો પાવડો માર્યો. ફરી એકવાર ટન્ન અવાજ આવ્યો. તે પોતાના હાથથી માટીને દૂર કરવા લાગ્યો. ત્યાં — ત્યાં કંઈક ચમકી રહ્યું છે? તે થોભ્યો, તેણે પોતાની આંખો ચોળીને ફરીથી જોયું કે તેની સાથે કોઈ મજાક તો નથી થઈ રહી. ના, તેમાં કોઈ શંકા નહોતી. એ જમીનમાં ઊંડે સુધી દબાયેલો સાવ નાનકડો ટુકડો હતો, પરંતુ એ પીળા રંગની ધાતુ જેવો હતો અને ચમકી રહ્યો હતો. તે ફરીથી જલ્દી-જલ્દી માટી દૂર કરવા લાગ્યો. તેની સામે સોનાનો એક મોટો, ખરબચડો ગઠ્ઠો બહાર નીકળ્યો. તેના સાથી મજૂરો અચંબિત થઈને જોતા જ રહી ગયા.

ટૂંક સમયમાં, મજૂરો એ ખાડાની ચારેબાજુ ખોદવા લાગ્યા. તેઓ ખજાનાને બહાર કાઢવામાં મદદ કરવા અંદર કૂદી પડ્યા. કોઢી, કીટાણુ અને ત્યાં આવવાનું કારણ, આ બધું જ તેઓ ભૂલી ગયા હતા. સોનાના એ પહેલા ગઠ્ઠા પછી

એવા સેંકડો, હજારો ગઠ્ઠાઓ મળ્યા. આ તો સાચે જ સોનાની ખાણ હતી, જે દરેક દિશામાં ફેલાયેલી હતી અને તેનું કેન્દ્રબિંદુ બરાબર એ જગ્યાની નીચે હતું જ્યાં એ બિચારો માણસ બેસતો હતો.

"શું તું માની શકે છે?" થોડા દિવસો પછી એક મજૂરે કહ્યું. તે પોતાના પાવડા પર નમીને પોતાની ટુકડીના એક સદસ્ય સાથે ઘટનાસ્થળનું સર્વેક્ષણ કરી રહ્યો હતો. સોનાની શોધમાં મોટા ભાગના રસ્તાને ખોદી કાઢવામાં આવ્યો હતો; હવે તે જગ્યા જમીનની નીચે ભુલભુલામણી જેવી દેખાતી હતી, જેમાં અહીં-તહીં માટીના ઢગલા પડેલા હતા અને મજૂરો તેમના પાવડાની ટન્ન, ટન્ન, ટન્ન અવાજની વચ્ચે એકબીજાને નિર્દેશો આપી રહ્યા હતા. એક મજૂરે પોતાનું માથું હલાવતા કહ્યું, "આખો વખત નગરનો કોઢી આટલા મોટા ખજાનાની ઉપર બેઠાં-બેઠાં ભીખ માગી રહ્યો હતો."

ત્યારે જ મંદ-મંદ હવાની એક લહેર આવી અને રસ્તાની એક તરફ પડેલી એ નાની ડાળી સહેજ હલી; જેની હવે કોઈને યાદ પણ નહોતી.

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.